13 P
3250
G

राष्ट्रीय अभिलेखागार पुस्तकालय
NATIONAL ARCHIVES LIBRARY
भारत सरकार
Government of India
नई दिल्ली
New Delhi

आह्वानांक Call No. ____________

अवाप्ति सं॰ Acc. No. 3150

Saimka
S-No. 69
3150

# સૈનિકના સૂર

સંગ્રહ કરનાર
સી. પી. ચુડગર

'નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.'

આવૃત્તિ બીજી સને ૧૯૩૦ પ્રત ૧,૦૦,૦૦૦

પ્રકાશક:
આર. જે. દોશી
વઢવાણ શહેર

કિંમત ૦–૩–૬

IMPERIAL RECORD DEPARTMENT
RECEIVED
1 NOV 1930

NATIONAL ARCHIVES LIBRARY
No. 3150
Date 29.3.72
GOVT. OF INDIA

# અનુક્રમણિકા


| અનુક્રમ | નામ | પાનું. |
| --- | --- | --- |
| ૧ | ડંકો વાગ્યો લડવૈયા શુરા જાગજો રે | ૪ |
| ૨ | શીર જાત્રે | ૫ |
| ૩ | ટોપીવાળાના ટોળા | ૬ |
| ૪ | કેમ થાયે સરકારી નોકરી રે | ૧૦ |
| ૫ | કરો સંધા ઢીલા | ૧૧ |
| ૬ | અમે સિપાઇ | ૧૨ |
| ૭ | અમે ડરતા નથી સરકારથી રે | ૧૨ |
| ૮ | અમે ડરતા નથી કદી જુલ્મથી રે | ૧૩ |
| ૯ | પ્રાણુ થકી | ૧૩ |
| ૧૦ | નહિ હઠશે | ૧૪ |
| ૧૧ | તમે ડરશો નહિ જરી મોતથી રે | ૧૫ |
| ૧૨ | તમે ડરશો નહિ કદી જુલ્મથી રે | ૧૫ |
| ૧૩ | યજ્ઞ અમે માંડયો રે | ૧૬ |

૧૪ કુર્વાની મુકાવજો રે . . . . ૧૬
૧૫ નહિ નમશે નિશાન . . . . ૧૭
૧૬ પ્રતિજ્ઞા . . . . . . ૧૮
૧૭ નહિ રખની . . . . . ૧૮
૧૮ વીરહાક . . . . . . ૧૯
૧૯ શુરવીર આવજો . . . . ૧૯
૨૦ ઝેર વધ્યા ને વેર વધ્યા. . . . ૨૦
૨૧ તકલીનું ગીત. . . . . ૨૨
૨૨ પરદેશી લુંટારા . . . . . ૨૩
૨૩ તારા વાગે નગારા . . . . ૨૪
૨૪ દાંડી તણાં કીનારે . . . . ૨૫
૨૫ શક્તિ મંત્ર . . . . . ૨૬
૨૬ રૂડો ગાંધીડો . . . . . ૨૬
૨૭ ફરી ભારત બનાવી દો . . . ૨૭
૨૮ ગડગડે છે મોત ડંકા . . . . . ૨૮
૨૯ સર ફરોશી કી તમન્ના . . . ૨૯
૩૦ ઢોલ વાગે ધરાસણા ઉપરે . . . ૩૦
૩૧ જંગ માંડયો મહાત્મા ગાંધીએ . . ૩૦
૩૨ નિમકનો કર નહિ રહે . . . ૩૧
૩૩ મહાત્મા ગાંધીજીના ગુણગાન . . ૩૨

## (૧)

### ધૂન

ડંકો વાગ્યો લડવૈયા, શૂરા જાગજો રે.
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે;
ડંકો વાગ્યો.

માથું મેલો, સાચવવા સાચી ટેકને રે;
સાચી ટેકને રે (૨)
—માથું મેલો૦

તોડી પાડો સરકારી જુલમી કાયદા રે;
જુલમી કાયદા રે (૨)
—તોડી પાડો૦

ભારતમુક્તિને કાજે કાયા હોમજો રે;
કાયા હોમજો રે (૨)
—ભારત૦

ડંકો વાગ્યો ભારતની બહેનો જાગજો રે.
બહેનો જાગજો રે વિદેશી ત્યાગજો રે;
ડંકો વાગ્યો.

(૨)

## 'આઝાદીની તમન્ના'

યે શિર જાવે તો જાવે, પર આઝાદી ઘર આવે;
યે જાન ફના હો જાવે, પર આઝાદી ઘર આવે. ૧

જો આગે કદમ ઉઠાયા, વો અબ નહિ હટનેવાલે;
જો યકીન અપને પાયા, વો કભી નહિ રુકનેવાલા. ૨

યે નવજવાનોં કી સેના, અબ નહિ હટનેવાલી;
યે નવજવાનોં કી સેના, અબ નહિ રુકનેવાલી. ૩

હમ ખૂની જીગર કે પ્યાલે, દુશ્મન કો પિલાનેવાલે;
હમ નહિ હે બુઝદિલ આદમ, હમ કહા સો કરનેવાલે. ૪

અય ગરદન ઉંચે ઉઠાઇ, નહિ જુલમો સે ઝુકનેવાલી;
અય સિતમ કે કરનેવાલે, ચલ બંદૂક જલદી ઉઠા લે. ૫

હમ ખડે હે ધર કે સીના, અય ગોલી ચલાનેવાલે;
ચલ બતા દે તાકત તેરી, અબ હમ નહિ હટનેવાલે. ૬

હમ મરેંગે લડતે લડતે, નહિ લડાઇ મરનેવાલી;
મયદાન ન હોગા ખાલી, જબતક ન હો ખુશહાલી. ૭

અબ મંજૂર હમે હય મરના, ચલ અપના સાજ સજાલે;
ચલ બતા દે તાકત તેરી, અબ હમ નહિ થકનેવાલે. ૮

# ટોપીવાળાના ટોળા ઉતર્યા

ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં,
ઉતર્યાં કાંઇ આથમણે ઓવાર રે-
પરદેશી ભુખ્યા ટોપીવાળા

લીલી લીમડીને મીઠી છાંયડી,
નીરમળાં કાંઇ નદીઓ કેરા નીર રે—પરદેશી૦

આંબે આંબે તે કોયલ ટહુકતી,
ઉડતાં કાંઇ રૂડા હંસ ને મોર રે—પરદેશી૦

પુરી પનોતી બેઠી દેશની,
અટારીએ કાંઇ ભેરવના ભણકાર રે—પરદેશી૦

ઘેર ઘેર તે ઘુવડો બોલીયા,
રોવા લાગ્યાં કાંઇ શ્વાનને શિયાળ રે—પરદેશી૦

ધરમી રૂવે તે મેલી ધ્રુસકા,
અધરમીના આનંદનો નહિ પાર રે—પરદેશી૦

બાળા રાંડે તે બાર વર્ષની,
માની ય પેલાં મરે છે નાના બાળ રે—પરદેશી૦

ધરણી સુકાઇને થઇ વાંઝણી,
કારમાં બેઠાં કળજુગના ધાવ રે—પરદેશી૦

સુના ચોરા ને સુના ગૌચરો,
સુના સુના પાણીયારીના ઘાટ રે—પરદેશી૦

ભાંગી ભરવાડો કેરી મોરલી,
કામધેનું કાંઇ કારખાને કપાય રે—પરદેશી૦

થાપ્ય થાણાને થાપી કોઠીઓ,
આદર્યાં કાંઇ કાળા કોપ રે—પરદેશી૦

તૂટી શાળોને તૂટયા રેંટીયા,
કારીગરોના કાપી નાખ્યા હાથ રે—પરદેશી૦

કજીયા કરાવી ભાઇ ભાઇમાં,
પોતે થઇ બેઠા મોટા ભુપ રે—પરદેશી૦

આવ્યા ઓઢીને એવી કાંચળી,
ઓળખીયા નહિ અંતરના ભોરીંગ રે—પરદેશી૦

કરી કચેરી ઉંચે ડુંગરે,
વાળવા બેઠા દેશ કેરા દાટ રે—પરદેશી૦

વાગ્યા બુંગળ ને આવી ગાડીયો,
ધુમાડાના ઉડે ગોટમ ગોટ રે—પરદેશી૦

વધ્યા કાયદાને વધી કોરટો,
વધીયાં કાંઇ કજીયા ને રોગ રે—પરદેશી૦

વકીલો વધ્યા ને વધ્યા ડોકટરો,
વધીયાં કાંઇ કજીયા ને રોગ રે—પરદેશી૦

એવો વેરો તે નાખ્યો આકરો,
ખેડુતોને ખાવા ન મળે ધાન રે—પરદેશી૦

ગરવા ગાંમડા ને ઝુરે ઝુંપડા,
માડી જાયા પરદેશી પીડાય રે—પરદેશી૦

દાદા બોલ્યા ને લોક સાભળ્યું,
પુરેપુરી તોય ન આવી શુદ્ધ રે—પરદેશી૦

વરસે વરસે મોટેરા મળે,
કાઢવા લાગ્યા અંતરની વરાળ રે—પરદેશી૦
આંખે પાટા બાંધ્યા લોકને,
ડુચો દઈ ને ગુંગળાવી નાખ્યા શ્વાસ રે—પરદેશી૦
ડેરો નાખ્યો એણે ડોકમાં,
હાથે પગે જડી લીધી જંજીર રે—પરદેશી૦
કાં તો હારશે દેશના હાથથી,
અથવા મરશે માંહો માંહે કપાય રે—પરદેશી૦
એવે ગાંધીજી આવ્યા મોખરે,
યુગ યુગની ઉડાડી છે ઉંઘ રે—પરદેશી૦
દેશ તણો એ સાચો દીકરો,
કર્મવીર, કસ્તુરબાના કંથ રે—પરદેશી૦
જર્મન ગાજ્યા ને ગાજી મેદની,
સરકારની વ્હારે ધાયા લોક રે—પરદેશી૦
નાણા વાળાએ નાણા ધીરીયા,
શુરવીરોએ રેડયા કાંઇ લોહો રે—પરદેશી
અંતે આવ્યો તે કાળો કાયદો,
ચમકી ઉઠી રૈયત ચોપાસ રે—પરદેશી૦
સાચું કહેતાં ને સાચું બોલતાં,
ગાંધીજીએ શીખવ્યું કામોકામ રે—પરદેશી૦
એક દિવસ બધે પાળીયો,
હાટડે હાટડે પાડી દીધી હડતાલ રે—પરદેશી૦

રૂઠી સરકાર રાંક લોક પર,
તુટી પડયા જાણે વરૂઓ ને વાઘ રે—પરદેશી૦
ઠામે ઠામે જંજીરો ગોઠવી,
ઠામે ઠામે ઉડાડયા બલુન રે—પરદેશી૦
એવો જુલમ એણે આદર્યો,
કહાણી કહેતાં કાળજું કટકા થાય રે—પરદેશી૦
તુર્કી માટેનું વચન તોડીયું,
સળગી ઉઠયા સાચા મુસલમાન રે—પરદેશી૦
ગાંધીજીને કહેણુ મોકલ્યા,
ત્યાંથી માને બેઠા માઠા દીન રે—પરદેશી૦
ગાંધીજીએ પણ આદર્યા,
કાઢશું અથવા વાળશું સરકાર રે—પરદેશી૦
ગાંધીજીએ લીધા હાથમાં,
માડીજાયા હિન્દુ મુસલમાન રે--પરદેશી૦
મહેલ માનીને જજો જેલમાં,
છાતી પર ઝીલજો બંદુક રે—પરદેશી૦
માતા જેવું રે હૈયું રાખજો,
દીલમાં તમે રાખશો ન ડંખ રે—પરદેશી૦
શાળા છોડો હે તમે બાળકો,
એ છે ગુલામીનું ઘર રે—પરદેશી૦
વકીલો તમે વકીલાત છોડજો,
તમારા પર એ રાજ્યના થંભ રે—પરદેશી૦

એની સભામાં જાશો નહિ,
એ શ્મશાને લીધા ઘણા ભોગ હ--પરદેશી૦
ગાંધીજીને પુર્યા જેલમાં,
સરકારને ઉરે લાગી લાય રે—પરદેશી૦
પાયા ડગમગીયા એના રાજ્યના,
ડોલતા એના સીંહાસન દેખાય રે—પરદેશી૦
તાજ પડુ પડુ રે થાય છે,
પુરેપુરૂં ભરાયું તેનું પાપ રે—પરદેશી૦

(૪)

## સરકારી નોકરી

કેમ થાયે સરકારી નોકરી રે,
જેણે પકડ્યા શુરા સરદાર;
કરે સરકારી નોકરી આ સમે રે,
દેશદ્રોહી પૂરા કહેવાય.
દેશદ્રોહી બનીને જીવવું રે,
હિંદમાતાની કૂખ લજવાય,
પેટ કાજે ડુબાડે દેશને રે,
દેશ દેશે લાખો ફિટકાર:
નથી સરકાર કોઇને પોષતી રે,
પોષનારો પ્રભુ બળવાન;
પટેલાઇ ને નોકરી સર્વનાં રે,
દીઓ રાજીનામાં ધરી હામ;

ધન્ય વેળા, ઘડી આ ધન્ય છે રે,
નોકરીને લગાવો લાત.

(૫)

### કરો સાંધા ઢીલા

કરો સાંધા ઢીલા સરકારના રે,
સાચા છોડીને શુદ્ધ અસહકાર:
રાજ્ય પરદેશીઓનું ના ટકે રે,
દેશીઓ જો તજે સહકાર:
રાજ્ય પરદેશીએ આ હિંદનું રે,
લૂટયું નાણું હજારો લાખ:
રાજ્ય પરદેશીએ આ હિંદના રે,
બધા ધંધાનો કીધો નાશ:
રાજ્ય પરદેશીએ આ હિંદનાં રે,
લૂંટ્યા વસ્રો, ઘી, દૂધ ને ધાન્ય:
બઢીબઢી નોકરીઓ સાબને રે,
છોટી છોટીમાં હિંદનાં બાળ:
દૂધ, માખણ ને મેવો સાબને રે,
પૂરું પામે ન હિંદીઓ ધાન:
સાહેબી છે ગોરાને જેલમાં રે,
હિંદી નેતાને ડાકુ મનાય:
માટે બાળો સરકારી નોકરી રે,
પ્રભુપંથે વળો ધરી હામ.

(૬)

અમે સિપાહી પૂર્ણ સ્વરાજ્યના રે,
જાત હોમીને લેશું સ્વરાજ્ય—અમે૦
નથી પરવા ધંધાની આ સમે રે,
ધૂન લાગી છે લેવા સ્વરાજ્ય—અમે૦
નથી ચિંતા કુટુંબની આ સમે રે,
ચિત્ત ચોટયું છે લેવા સ્વરાજ્ય—અમે૦
નથી પરવા ઝરૂખા મહેલની રે,
મરી ફીટીને લેવું સ્વરાજ્ય—અમે૦
નથી પરવા જાલિમના જુલ્મની રે,
મોત ભેટીશું લેવા સ્વરાજ્ય—અમે૦
આજ મસ્તી છે પૂર્ણ સ્વરાજ્યની રે,
માત ભારતનો જયજયકાર—અમે૦

(૭)

અમે ડરતા નથી સરકારથી રે,
સદા ભજીએ ભલા ભગવાન. અમે૦
બીક રાખે મનુષ્યો બાયલા રે,
અમે બહાદુર ને બળવાન. અમે૦
બીક રાખે હરામી આળસુ રે,
હાથપગમાં અમારું તાન. અમે૦
માર ખાશું નહિ અમે કોઈનો રે,
નહિ વેઠી લેશું અપમાન. અમે૦

છેતરાશું નહિ અમે કોઇથી રે,
હવે રૂડું મળ્યું છે જ્ઞાન. અમે૦

બોલ બાપુજીના અમે પાળશું રે,
હવે રહ્યા નથી હેવાન. અમે૦

(૮)

## અમે ડરતા નથી

અમે ડરતા નથી કદી જૂલ્મથી રે,
જૂલ્મીનો જગતમાં નાશ છે રે,
સત્યવાદીનો જયજયકાર—અમે૦ ૧.

જૂલ્મ સામે નીડર થઇ ઝુઝશું રે,
ભલે માથું ને ધડ જુદાં થાય—અમે૦ ૨.

નહિ નમશું અમે સરકારને રે,
ભલે કાયાના કટકા થાય—અમે૦ ૩.

તોપ, બંદૂક, બૉમ્બ ખડાં થશે રે,
નહિ ફાવે જાલિમ સરકાર—અમે૦ ૪.

(૯)

## પ્રાણુ થકી પ્યારી

પ્રાણુ થકી પ્યારી રે, અમને આઝાદી માતની.
સર્વસ્વ દેશું પાછું ન જોશું;
સેવા આઝાદી માતની—પ્રાણુ૦

વિઘ્નો હજારો ઓળંગી જઈશું;
આશિષ વરસે માતની—પ્રાણ૦
કરી કેસરિયાં માંડીશું મોરચા;
તોડીશું બેડીઓ માતની—પ્રાણ૦
ઝુઝે બત્રીસા આઝાદી જંગે;
સાધે આઝાદી માતની—પ્રાણ૦

(૧૦)

નહિ હઠશો, નહિ હઠશો,
બહાદુરો પાછા નહિ હઠશો.
લડશે લડશે સમરાંગણમાં,
છોને ફના થવાય—પાછા૦
કુરબાની કરતાં નહિ થાકે,
ઘૂમે રણમેદાન—પાછા૦
જુલ્મઘંટીમાં છોને પીલે,
શેતાની સરકાર—પાછા૦
જુલ્મોથી રોળાયાં જગમાં,
લાખો જૂલ્મી રાજ—પાછા૦
રણે ચડેલા સત્યાગ્રહીઓ,
નમાવશે સરકાર—પાછા૦

(૧૧)

## તમે ડરશો નહિ જરી મોતથી રે

તમે ડરશો નહિ જરી મોતથી રે,
મોત કાયરનું રોજ રોજ થાય છે રે,
પણ જીવે સદા શૂરવીર—તમે૦
સ્વાર્થ કાજે જીવે ક્ષુદ્ર માનવી રે,
પરમાર્થે જીવે બહાદુર—તમે૦
કાયરનો દેહ ભાર રૂપ છે રે,
ધન્ય શૂરવીરનો અવતાર—તમે૦

(૧૨)

તમે ડરશો નહિ કદી જૂલ્મથી રે,
જુલ્મીમાં નથી બળ કાંઇ—તમે
સત્યપંથે સદા સહુ ચાલજો રે,
જૂલ્મીના જુલમ કરો દૂર—તમે.
જૂલ્મીનો જગતમાં નાશ છે રે,
સત્યવાદીનો જય જયકાર—તમે.
સત્ય કાજે સહન કરજો બધું રે,
ભલે માથું ને ધડ જુદાં થાય—તમે.
જૂલ્મ સામે નિડર થઇ ઝુઝજો રે,
ધરી સત્યરૂપી તલવાર—તમે.

(૧૩)

## યજ્ઞ માંડયો

(એકવાર આવો રે ગાંધીજી ગુણીયલ ગરવા -એ રાગ)

યજ્ઞ અમે માંડયો રે, જાલીમના જૂલ્મો હરવા.

ભારત આખું તૈયાર આજે, સાચી કુરબાની કરવા. યજ્ઞ૦

તાલીમ આપી સરદારે પૂરી, પોતાના બળથી તરવા. યજ્ઞ૦

સંપીલા શૂરાં નરનારી દેખી, લાગી નોકરશાહી ડરવા. યજ્ઞ૦

લીધી પ્રતિજ્ઞા પાળશું પ્રેમે, જુલમની છે નહિ પરવા. યજ્ઞ૦

હોમાઇ જાશે લોક હજારો, માતાનાં દુખડાં હરવા. યજ્ઞ૦

(૧૪)

યુવકો ઝુકાવજો રે, ભારત આઝાદી જંગમાં૦

લાજે યુવાની ઘરમાં ભરાયે,
આવી ઝુકાવો જંગમાં—યુવકો૦

લાજે જુવાની કાયર બન્યાથી,
ખેલો શૂરા સંગ્રામમાં—યુવકો૦

દીપે જુવાની માથું મેલ્યાથી,
ભરતી થાઓ રણરંગમાં—યુવકો૦

કરી કેસરીયા માંડોને મોરચા,
ભારત આઝાદી જંગમાં—યુવકો૦

(૧૫)

## 'નહિ નમશે નિશાન ભૂમિ ભારતનું'

નહિ નમશે નહિ નમશે, નિશાન ! ભૂમિ ભારતનું.
ભારતની એ ધર્મ ધ્વજાનું (૨)
સાચવશું સન્માન !–ભૂમિ ભારતનું, નહિ નમશે૦
ઓમ તણો એ અમરપટો છે, (૨)
મુક્તિનું વરદાન !–ભૂમિ ભારતનું; નહિ નમશે૦
ભારત માતાના મંદિર પર એ, (૨)
શાંતિનું એંધાણ !–ભૂમિ ભારતનું; નહિ નમશે૦
ચક્ર સુદર્શન અંકિત એ તો, (૨)
હિન્દી જનના પ્રાણ !–ભૂમિ ભારતનું: નહિ નમશે૦
સફેદ લીલું લાલ ત્રિરંગી (૨)
વિરોધનું સંધાણ !–ભૂમિ ભારતનું: નહિ નમશે૦
સફેદમાં સહુ ધર્મે ધાર્યું (૨)
ઇશ્વરનું ફરમાન !–ભૂમિ ભારતનું: નહિ નમશે૦
લીલામાં ઇસ્લામી ધર્મે (૨)
રાખ્યું પાક કુરાન–ભૂમિ ભારતનું. નહિ નમશે૦
લાલ સનાતન આર્ય પ્રજાનું (૨)
મંગળ મૂર્તિમાન–ભૂમિ ભારતનું. નહિ નમશે૦
અચળ અમારે આંગણુ એ તો (૨)
સ્વરાજ્યનું મંડાણુ–ભૂમિ ભારતનું. નહિ નમશે૦
સાચા હિન્દી શુરાઓનું (૨)
એ છે વિજય સુકાન–ભૂમિ ભારતનું. નહિ નમશે૦

## (૧૬)
## પ્રતિજ્ઞા

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય. અમે૦
ભલે વરસે વરસાદ મહા જૂલ્મનો રે,
ભલે થવાનું હોય તે થાય. અમે૦
અમે ગુજરાતનું નામ નહિ બોળશું રે.
ભલે માથું ને ધડ જુદાં થાય. અમે૦
અમે કીધાં કેસરીયાં પ્રેમથી રે,
ભારતની રાખવા લાજ. અમે૦

## (૧૭)
## નહિ રખની નહિ રખની

નહિ રખની, નહિ રખની, સરકાર, જાલિમ નહિ રખની
મુસલમાન કા મક્કા ખોયા, મુસલમાનકા મક્કા ખોયા,
સિખ્ખોં કા દરબાર,—જાલિમ૦
જલિયાંવાલા બાગ કે ભીતર, નિઃશસ્ત્રો પર ગોળી ચલાકર,
માર કૈક હજાર,—જાલિમ૦
પેશાવરકે ચોકકી અંદર, નિર્દોષો પર ગોળી ચલાકર;
માર કૈક હજાર—જાલિમ૦
જવાહીર કો પીંજર પાયા, વલ્લભભાઈ કો પીંજર પાયા,
ગાંધીજી કો પીંજર પાયા, સેન બોઝ કો પીંજર પાયા,
ઐસી હૈ બદકાર—જાલિમ૦

(૧૮)

## વીરહાકવાગેછે

વાગે છે ૨ વાગે છે મારા બાપુની વીરહાક વાગે છે;
ડોલે છે હ ડોલે છે જુલમીનાં સંજપાટ ડોલે છે.
જાલીમનાં જુલમોને હાકેમની બેડીએ,
અકડે તડાકે તૂટે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
અંધારાં આથમ્યાં ને ઓથાર ઓસર્યાં,
રણનાં રણશિંગડા વાગે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
પટલાઇનાં પોથાં ને નોકરીનાં થોથાં,
લોકો ફટાફટ ફેંકે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
સરકારી શાળાનાં ભણતર મૂકીને,
જંગે જુવાનીઆ ઝુકે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
દૈતરાજ ફીટે ને રામરાજ વ્યાપે,
સતનાં ડંકા ગાજે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
કાયરતા કાઢીને વીરતા વ્હોરી
શુરા સંગ્રામમાં ઝુઝે છે—મારા બાપુની વીરહાક વાગે છે.

(૧૯)

## શુરવીર આવજો

( હરિ વેણુ વાય છે રે હો વનમાં—એ રાગ )

શુરવીર આવજો રે હો રણમાં
ઉત્સાહ ચેતન ભરજો તનમાં—શુરવીર

ગજ ગજ કૂદજો રે હો કોડે
બલિદાન દેજો જાતનાં જો રે—શૂરવીર

કરજો કેસરીયાં રે હો હરખે
પ્રભુ છે ઊભા પોતે પડખે—શૂરવીર

કાયર ભાગજો રે હો વનમાં
ભયજો લાગે મોતનો મનમાં—શૂરવીર

અવસર આવ્યો રે હો તરવા
નિશ્ચય કરજો જીતવા કે મરવા—શૂરવીર

ઝુંડો સતનો હો ફરકાવો
શાન્તિ પાળો સ્વરાજ ઘેર લાવો—શૂરવીર

ડંકા વાગ્યો રે હો વહાલા
યુવક ધાજો રણુમતવાલા—શૂરવીર

(૨૦)

## ઝેર વધ્યા ને વેર વધ્યા

ઝેર વધ્યા ને વેર વધ્યા વળી કાળા કેર થયા કરનાર,
પરનાતીલા જાતીલાથી કુસંપ કરી ચલવે આ રાજ;
શાંત અહિંસક સૈનિક ઉપર લાઠી રાજ કહે છે આજ,
એ અત્યાચાહા દેખીને પ્રભુ ઉખાડ એ જુલ્મી રાજ.

રાજ્યનિતિ ઠગબાજી ભરી કરી ચુસ્યા ભારતના નરનાર,
ઘોર કુકર્મો આજ કરીને ચુસે હિંદના દુધમલ બાળ;

ડાયર સરખા મારણુ ન મળે ફ્લેચર તુલ્ય નહિ તોફાન,
એ અત્યાચારો દેખીને પ્રભુ ઉખાડ એ જુલ્મી રાજ.

જુલ્મો આજે હિંદભર દેખો ગોળીથી કાંઇ લીધા પ્રાણ,
લાઠીથી પણ આજે મારે અખિલ હિંદના નાના બાળ;
વિધવિધના અત્યાચારોએ ઘેર્યાં શહેરો નાના ગામ,
એ અત્યાચારો દેખીને પ્રભુ ઉખાડ એ જુલ્મી રાજ.

હોલ્કરથી નહિ હોય ખરાબી કહો મરાઠા કોણ જ માત્ર,
કદી સંહાર ન કરે સીંધીયા પીંઢારાઓથીય કુપાત્ર;
બ્રીટન તારા નેજા નીચે ઘોર કુકર્મો થાયે આજ,
એ અત્યાચારો દેખીને પ્રભુ ઉખાડ એ જુલ્મી રાજ.

નાના નાના બાળો ગાતા હિન્દ તણા આઝાદી ગાન,
પોલીસ લાઠી ચલાવે ત્યાં તો લોહીલુહાણ કરે વિહભાન;
કાળી નાળી ઉશ્કેરીને લુંટાવે છે સર્વ બજાર,
એ અત્યાચારો દેખીને પ્રભુ ઉખાડ એ જુલ્મી રાજ.

ફાંસીખોરસ ફેલ કરે પણ તુજ સરખા નહિ નિર્દય આજ
ધીંગા કાઢી જનતના ધાડા ઘેરી ન શકતા તુજ સમ ધાટ;
ખેતર કે કુવેતર કરતાં લુંટે આજે મોટા ગામ,
એ અત્યાચારો દેખીને પ્રભુ ઉખાડ એ જુલ્મી રાજ.

લંકાથી હિમાચલ લગભગ કલકત્તાથી કચ્છ પ્રદેશ,
પંજાબી સિંધી સોરઠીયા દક્ષિણ માળવ આદી દેશ;
લુંટે છે તું જ નેજા સાથે ધોળા દાડે તારા રાજ,
એ અત્યાચારો દેખીને પ્રભુ ઉખાડ એ જુલ્મી રાજ.

તે માટે આ હિંદ નરનારી તનમનથી માગી લે એક,
શાહીવાદનો નાશ કરીને કરજે અમથી છુટા એક;
હિંદ બાલક ઇચ્છે એવું નાશ થજો તુજ જુલ્મી રાજ,
એ અત્યાચારો દેખીને પ્રભુ ઉખાડ એ જુલ્મી રાજ.

(૧૨)

## કૂચ-તકલીનું ગીત

(રાગ—ચાલો સૌએ રણમેદાન)

તકલી તકલી તકલી રાજ
ડોલાવે સેતાની રાજ
ફેલાવે એ ગાંધી વાદ
એ જ અમારી તકલી આજ

હિંદને સ્વતંત્ર કરવા કંઇ વીરો બહારે પડયા
નહિ શસ્ત્ર એક હાથમાં તકલી લઇ ફાવી રહ્યા.

ફરતી ફરતી ફરતી આજ
મુંઝાવે શેતાની રાજ
છોડાવે એ હિન્દુસ્તાન
એ જ અમારી તકલી આજ—તકલી

વર્ષો થયાં પરતંત્રતાની જંજીરો જકડી ગઇ
એ તોડવા બહાદુર વીરે નહિ પ્રાણની પરવા કરી.

ફરરર ફરરર ફરતી જાય
હિન્દના દુઃખ હરતી જાય
વીરની સંગ હસતી જાય
એ જ અમારી તકલી આજ—તકલી

(૨૨)

## પરદેશી લુંટારા

પરદેશી લુંટારા ભારતને લુંટી જાય છે
ભારતને લુંટી જાય છે ભારતને ચુસી ખાય છે—પરદેશી
ભારતમાં જ્યારથી આવ્યા મનમાની લુંટમાં ફાવ્યા
સુધરેલા લુંટારા—ભારતને
ખાધું ખોધું ભારતમાં મતિભ્રષ્ટ થઇ સ્વારથમાં
મતલબીયા લુંટારા—ભારતને
ધંધા ભારતના મચડયા કાંડા કાપીને કચડયા
સેતાની લુંટારા—ભારતને.
ટ્રસ્ટી થઇ દષ્ટી કીધી સારી શક્તિ હરી લીધી
બેવચની લુંટારા—ભારતને.
હથિયારો દેશના લીધા ગુલામ બનાવી દીધા
હિચકારા લુંટારા—ભારતને.
ડેલી સમ ભારત કીધું ના જંપી ઠરવા દીધું
મહા નિર્દય લુંટારા—ભારતને.
રસકસ સૌ ચુસી ટળવળતા અન્નવિણુ કીધા
નિષ્ઠુર એ લુંટારા—ભારતને.
પાદરી વેષે આવ્યા કરી ધર્મ ભ્રષ્ટ વટલાવ્યા
વિધર્મી લુંટારા—ભારતને.
ઢંઢેરા જુઠા પીટયા લાલચ દેખાડી લુંટયા
ધુતારા લુંટારા—ભારતને.

મામુલી મિલ્કત માટે અણમોલી મિલકત લુંટે
દિવસના લુંટારા—ભારતને.
ઢોર મુંગા કાંઇ રેંસ્યા જઇ કસાઇ ઘેરે વેચ્યા
હત્યારા લુંટારા—ભારતને.
પિંઢારા ચોર ભુલાવ્યા દીન ખેડુતને દુભાવ્યા
કૃતઘ્ની લુંટારા—ભારતને.
આપો ના લુંટ જરા એ પોબારા ગણુશે બધાએ
ભૂખ્યા એ લુંટારા—ભારતને.

(૨૭)

## તારા વાગે નગારા

તારા વાગે નગારા હવે મોતના રે,
હજી ચેતીલે ઓ સરકાર—તારા૦
તારી સત્તાના ઉખડે મુળીયાં રે,
હજી ચેતીલે ઓ સરકાર—તારા૦
તારી તોપોમાં ઉગશે ઝાડવાં રે,
તારા દારૂની થાશે ખાખ—તારા૦
તારી જેલોથી કોઇ ડરતું નથી રે,
તારી ધમકીના ભાગ્યા ભુત—તારા૦
તારી ગોળી તો ફુલ ગણી ઝીલશું રે,
અમ માથે છે રામ રખવાળ—તારા૦
તારા પુરવના પાપ પેદા થયાં રે,
તારા પાપે ડુબે તારૂં નાવ—તારા૦

શાપ લાગે છે ત્રીસ કોટી જીવના રે,
તેને તાપે ગળે તારા હાડ—તારા૦
જલીયાંવાળાના લોહી ધગી ઉઠશે રે,
ધગે સાધુ જતીનના શ્રાપ—તારા૦
સ્વર્ગમાંથી શહીદ બોલી ઉઠશે રે,
ઉઠે શાપોના ગેબી પોકાર—તારા૦

(૨૪)

## મોહન મીઠું પકાવે.

દાંડી તણા કીનારે મોહન મીઠું પકાવે,
મોહન મીઠું પકાવે સૈનિક સૌ પકાવે. દાંડી.
એકસોને ચાર યોદ્ધા બાપુની સંગ ચાલે,
સત્યાગ્રહી પકાવે સરકાર તે ઝુંટાવે. દાંડી.
અહિંસાતણા સૈનિકો શસ્ત્રો વિના ઝઝુમે,
સરકારી જુલ્મ સામે ગાંધીજી શીર ઉઠાવે. દાંડી.
સ્વતંત્રતાને કાજે અપુર્વ યુદ્ધ જમાવે,
જોશે જગત ન જોયું આ રાજ્યને ઉખાડે. દાંડી.
અહિંસા તણા એ વીરો સબરસ સરસ પકાવે,
દુનીઆમાં સૌથી મોટા સૌ કોઇને નમાવે. દાંડી.
ભારત તણા સંતાનો સૌ જેલને સ્વીકારે,
જાલીમ જો દમ બતાવે ભરતીનાં પુર આવે. દાંડી.
એ જુલ્મી કર જો જાશે બીજા પછી તોડાશે,
સ્વાતંત્ર્ય વીણુ ઉદાસી મોહન મીઠું પકાવે. દાંડી.

જાલીમ તણા સીતમગરને ભડવીર એ નમાવે,
પડકારથી ધ્રૂજાવે સલ્તનતને એ ડોલાવે. હાંડી.
આપોને ભોગ વીરો માતાને કાજ આજે,
સ્વાતંત્ર્ય યુદ્ધ માટે વીર હાક આજે ગાજે. હાંડી.

(૨૫)

## શક્તિમન્ત્ર

જનનિ ભારત આજ હમકો, મધુર બીણા સુના રહી હૈ,
સ્વતંત્રતાકા રાગ ગાકર, માનો અમૃત પીલા રહી હૈ.
સેંકડો વર્ષોંસે હમ થે, ભાગ્યહીક ફેરમેં;
ઉસકી નિર્ભરતા છોડાકર. સ્વાવલંબન શીખા રહી હૈ,
થા નિરાશા કા ભયાનક, ભૂત જો હમ પર ચઢા;
રાષ્ટ્ર કે સંગીત બલસે, શીઘ્ર ઉસકો ભગા રહી હૈ
ફિર ભલા મૈ દીનતાકે, શબ્દ કૈસે કહ સકું !
જબકી માતા મીઠે સ્વર સે, શક્તિમન્ત્ર પઢા રહી હૈ.

(૨૬)

## રૂડો ગાંધીડો

( મારવાડી હોરીનો રાહ )

ગાંધી તોરા રાજમાં
ધોળી ટોપીનો ઘેર, રૂડો ગાંધીડો !
કપાસ પીલી રૂને પીંજી
પુણી બનાવશું આજેજી

પુણી કાંતી સુતર વણાવી
ખાદી ઓઢીશું આજેજી. ગાંધી તોરા.
વિલાયતી કાપડ ભુખે મારે
વાપરવું એ શોભે નહિ.
ભૂખે મરીને ગુલામ બનીને
જંજીરે જકડાશો નહિ;
મર્દો જેવા મર્દો થઇને
ગુલામી તમને શોભે નહિ;
ગાંધી તોરા રાજમાં
ખેડુત કરે છે લ્હેર. રૂડા ગાંધી૦

(૨૭)

## ફરી ભારત બનાવી દો !

પ્રભો ! જેવું હતું તેવું ફરી ભારત બનાવી દો !
જૂનું તો છો રહ્યું જૂનું, નવા જગને બતાવી દો !
રજત રત્નો સ્ફટિક કાંચન, ખનિજ ધન રક્ષનારાઓ,
પહાડોના સદા સાવધ ખડા પહેરા ભરાવી દો !
વનૌષધથી ભર્યાં ભારે હરિત ઘન વૃક્ષરાજિનાં,
વનો વનરાજ વ્યાઘ્રોની ભીષણ ઘોરે ગજાવી દો !
તૃણાગારે જઇ ચરતાં અહીં તહીં ધેનુનાં વૃન્દો !
સુરીલી ગોપજનની વાંસળી વ્હાલી બજાવી દો !
ગિરિ ગવ્હર પતિત પાવન પ્રદાના મોક્ષનાં તીર્થો
તપસ્વી સાધુ સંતોની અલખ ધુનથી જગાવી દે !

પઠનપાઠન પ્રવાતની પ્રકર્ષક, પર્ણકુટિઓ,
ગુરૂવર શિષ્ય ગભરૂ બ્રહ્મચારીથી સુહાવી દો !

સનાતન ધર્મનો સદ્બોધ દેતા શાસ્ત્રના જ્ઞાને,
હૃદય ઉંડાણથી અજ્ઞાનની આંધી ઉડાવી દો !

સુભટ નરવીર રણધીરા, ધુરન્ધર રાજનીતિજ્ઞો
પ્રતાપી કર્મવીરોચિત વરદ કાર્યો કરાવી દો !

સુપુત્રોની સુખી જનની ગૃહિણી ગૃહલક્ષ્મીના,
પ્રસન્ન વદને ગૃહસ્થોનાં ગૃહાંગણીયાં દીપાવી દો !

અતુલ વૈભવ અને વિજ્ઞાનથી ભૂષિત ભારતના,
નવા જગની ભલે ભગવાન ! પછી તુલના કરાવી દો !

## (૨૮)

## ગડગડે મોત ડંકા

ગડગડે છે મોત–ડંકા હિંદની સરકારના,
ફુંકાય છે રણનાદ—અમદાવાદ ગાંધી દ્વારના,

ધડકે હૃદય, કર થરથરે છે; આજ દેશી રાજના,
ભડભડ જુઓ ! ભડા થતાં દેખાય તખ્તે તાજના.

તલવાર ફેરી ધારથી સત્તા ટકાવી રાખવા,
હિન્દી પ્રજાને બોમ્બની બીકથી દબાવી નાખવા,

શું રૂપ રાક્ષસનું ધરી સરકાર હાથ ઉઠાવશે ?
ભોળા કદિ ગોરા ગગનમાં ગોળીયો વરષાવશે ?

ડરશે ન જરીએ હિન્દીઓ તલવારના તોફાનથી,
પાછો નહિ પગ મુકશે સરકારના ઉન્માદથી,

પણ સ્થાપવા સત્તા પ્રજાની વિપ્લવો સળગાવશે,
ફરી સાફ શાહીવાદને હિન્દી ધ્વજા ફરકાવશે

(૨૯)

## સર ફરોશી કી તમન્ના

સર ફરોશી કી તમન્ના અબ હમારે દિલમેં હૈ
દેખના હય જોર કિતના બાજુએ કાતિલ મેં હૈ.
રહરવે, રાહે-મહબ્બત રહે ન જાના રાહ મેં
લઝ્ઝતે સહેરાનવર્દી દૂર યે મંઝિલમેં હૈ
આજ ફિર મકતલ મેં કાતિલ કહ રહા, હું બારબાર
કયા તમન્ના-એ-શહાદત ભી કિસી કે દિલ મેં હૈ.
અય શહીદે મુલ્ક-ઓ-મિલ્લત ! મેં તેરે પર નિસાર,
અબ તેરી હિમ્મતકા ચરચા ગેર કી મેહફીલ મેં હૈ
વક્ત આને દે બતા દેંગે તુઝે અય આસમાં
હમ અભી સે કયા બતા દે કયા હમારે દિલમેં હૈ !
અબ ન પહેલે વલવલે હૈં ઔર ન અરમાનોંકી ભીડ
સિર્ફ મિટ જાનેકી હસરત યકદિલે-બિસમિલ મેં હૈ

(૩૦)

## ઢોલ વાગે ધરાસણા ઉપરે

ઢોલ વાગે ધરાસણા ઉપરે રે
શુરા હોમી દેજો તમ જાત—ઢોલ.
મીઠા કેરા અગર છે આપણા રે
જાત હોમી કરો પુરવાર—ઢોલ.
ચોર પોતે દંડે શાહુકારને રે
સરકારે બનાવ્યો તાલ—ઢોલ

માર ખાજો સરકારના હાથનો રે
પુરી પાડી મીઠાની ધાડ—ઢોલ.
લોહી કેરી નદી ચાલી રહી રે
શુરા સૈનિકોની ત્યાં આજ—ઢોલ.
દેવ દાનવનું યુદ્ધ જાગ્યું આખરે રે
દેવ તણો થશે જયજયકાર—ઢોલ.

(૩૧)

જંગ માંડયો મહાત્મા ગાંધીએ રે
હાથ કરવાને પૂર્ણ સ્વરાજ:
એણે હાકલ પાડી છે દેશમાં રે,
થજો હિંદી શુરા તૈયાર:
હિંદમાતાની બેડીઓ તોડવા રે,
કરો વહાલી કાયા કુરબાન:
તોપ બંદૂકને તાબે કરે રે,
અહિંસાનું રૂડું હથિયાર:
જિંદગાની ગુલામની ધુળ છે રે,
મરી જાણે સ્વતંત્રતા કાજ:
જેમ કૂદે પતંગિયા દીપમાં રે,
કૂદી પડજો ભારત નરનાર:
આ ટાણાનો જંગ છે આખરી રે,
ફના થવું કે લેવું સ્વરાજ:

ભલે છૂટે જાલિમની ગોળીઓ રે,
ભલે મારે હજારો લાખ:
ભલે સામગ્રી રાક્ષસી સામટી રે,
વાપરી લે બ્રિટિશ સરકાર:

(૩૨)

## નિમકનો કર નહિ રહે

(ચાલો સૌએ રણમેદાન એ રાગ)

ગજવો ગજવો પ્રેમે આજ
ભારતના નર નાર
નિમકના રણ મેદાન

હુકમો થયા સરકારના નિમક તણો કર નહિ હઠે
સામી પ્રતિજ્ઞા દેશની નિમક તણો કર નહિ રહે—ગજવો
સત્તાંધ થઇ પકડયા ઘણાએ સૈનિકોને જેલમાં
હસ્તે મુખે પહોંચ્યા બધ્યાએ સૈનિકો મહા મહેલમાં—ગજવો
સરકાર પકડે પાંચને તો વિસ મેદાને પડે
દાબ્યા થકી બમણું વધે અકળાય રસ્તો નહિ જડે—ગજવો
જાયે ભલે ધન માલ કે કુરબાન કાયા હો ભલે
હિંદી તણી સાચી પ્રતિજ્ઞા નિમક તણો કર નહિ રહે—ગજવો
વેડી જુલમ કંઇ આત્રા છો ખુનનું પાણી બને
પરવા નથી સનિકને ના આત્મને જાલીમ હણે—ગજવો
કંસના વધ કારણે કૃષ્ણ જન્મ્યા જેલમાં
હિંદના ઉદ્ધાર અર્થે હિંદી વીરો જેલમાં—ગજવો

(૩૩)

## મહાત્મા ગાંધીજીના ગુણ ગાન

મનમોહન બલિહાર ગાંધીજી !
શુર સૈન્ય સરદાર ગાંધીજી !
નુતન યુગ ઘડનાર ગાંધીજી !
દૈવી તેજ ચમકાર ગાંધીજી ! ...........મનમોહન

ગુર્જરી કુંજે ગાજે ગાંધી !
નંદન વન વન ગાજે ગાંધી !
રાજ બને વિણ તાજે ગાંધી !
દિલ દિલ સર્વ નવાજે ગાંધી !...મનમોહન

જગત માત્રનું નુર ગાંધીજી !
જ્ઞાનામૃતનું પુર ગાંધીજી !
ભારત બંસી સુર ગાંધીજી !
દિલ દરિએ ભરપુર ગાંધીજી !.........મનમોહન

ગાય ગોપ ગોપાલક ગાંધી !
સત્યાગ્રહ સંચાલક ગાંધી !
હિંદ જનોના તારક ગાંધી !
જગત સર્વ ઉદ્ધારક ગાંધી !......મનમોહન

ખાદી પ્રભુતા તોલ ગાંધીજી !
આભુષણ અનમોલ ગાંધીજી !
કુંજ કુંજ કલ્લોલ ગાંધીજી !
રાષ્ટ્ર ચેતના બોલ ગાંધીજી !.........મનમોહન

---

સૌરાષ્ટ્ર મુદ્રણાલય રાણપુરમાં એચ. એમ. પંડ્યાએ છાપ્યું.